

## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*યૂંટણીના રંગમંચે ભજવાય છે નાટક !*
*સેવાના દંભે, સ્મિતનું ભજવાય છે નાટક !*
*હસે, હસાવે ને કરશે આંખ પણ ભીની -*
*કાયા તાંતણે સંબંધોનું ભજવાય છે નાટક !!*
*(વિશ્વ રંગમંચ દિન)*

હાઈકુ

*યૂંટણી પછી*
*બધા જ હાવભાવે -*
*પડશે પર્દા !!*

*હેત ને સ્નેહ,*
*ને લાગણીનાં પૂર -*
*છે નટકલા...*

*(યૂંટણીપંચ ના કલાકારો)*

### ચિંતન

***યથા દેવા અસુરેષુ શ્રદ્ધામુગ્રેષુ ચક્રિરે ।***
***એવં ભોજેષુ યજવસ્વસ્માકમુદિત કૃષિ ॥***

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

દેશ, જાતિ અને સંસ્કૃતિ પ્રત્યે ત્યાગ અને સમર્પણની ભાવના ત્યારે પેદા થાય છે, જયારે હૃદયમાં તેમના પ્રત્યે શ્રદ્ધા હોય, શ્રદ્ધાનું બળ જ કોઈ પણ કર્તવ્ય પ્રત્યે ગાઢ નિષ્ઠા ઉત્પન્ન કરે છે.

સંસારનો કોઈ પણ અગ્નિ શ્રદ્ધા વગર પ્રજ્વલિત થતો નથી અને કોઈ પણ ત્યાગ, કોઈ પણ બલિદાન શ્રદ્ધા વગર કરી શકાતાં નથી. આપણે કોઈ પણ દિશામાં ઉન્નતિ કરવી હોય તો એક તો સદા આત્મ બલિદાન માટે તૈયાર રહેવું જોઈએ અને બીજું આ બલિદાન જે ઉચ્ચ ધ્યેય ને માટે કરવાનું હોય તે ધ્યેયનો પવિત્ર અગ્નિ આપણા હૃદયમાં ધબકતો રહેવો જોઈએ.

દલીલ તથા બુદ્ધિથી શ્રદ્ધા દૃઢ થાય છે અને શ્રદ્ધાથી જ બુદ્ધિનો વિકાસ થાય છે. શ્રદ્ધાથી જીવન સાર્થક થાય છે, તેને દિશા પ્રાપ્ત થાય છે, તે એક નિશ્ચિત વળાંક લે છે અને ધીરે ધીરે તેનો સ્તર ઊંચો થતો જાય છે.

આપણા ઋષિઓએ, સંતોએ સમાજમાં શ્રદ્ધાના બીજ વાવ્યા હતા આ બીજમાંથી જ સદ્‌ગુણો નો પાક ઉત્પન્ન થાય છે, જેનાથી સમાજનો સર્વાંગી વિકાસ થાય છે.

### સુવિચાર

- યુવાન બધા નિયમો જાણે છે પણ નિયમોમાં રહેલા અપવાદોને તો વૃદ્ધ જ જાણે છે - **ઓલિવર જેમ્સ**
- વિપત્તિ તો મહાપુરુષોની ઉન્નતિનું કારણ છે કોઈ પણ માણસે સ્મશાનવત્ શાંતિમાં પોતાની ઉન્નતિ કરી નથી - **જહોન સ્ટાર્ક**
- માણસનો આચાર તેનું કુળ જણાવી દે છે, શરીર ખોરાક જણાવે છે, વચન શાસ્ત્રાજ્ઞન જણાવે છે અને નેત્ર સ્નેહ જણાવે છે - **નીતિવાક્ય**
- 'મૂળાક્ષર પર ન જાણનારો સાધુ મોટા-મોટા પ્રશ્નો ઉકેલી શકે છે' - **નીતિશાસ્ત્ર**
- માણસને સદ્‌ગુણી બનતા શીખવે એ બધા જ ધર્મો ઉત્તમ - **એસ. ભટ્ટાચાર્ય**
- મારા ત્રણ ગુરુઓ છે વાચન, ભ્રમણ અને નિરીક્ષણ - **સ્વામી સચ્ચિદાનંદ**
- આજનું ઔષધ : રાઈ જેટલું જાયફળ આગમાં શેકી ને ખાવાથી આંખમાં નીકળતું પાણી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એન્ડ્રુ કાર્નેગી અત્યંગ ગરીબીમાં ઉછર્યા અને મોટા થઈ ખૂબ મહેનત કરીને અમેરિકાના સફળ ઉદ્યોગપતિ બન્યા. તેમના હાથ નીચે અનેક માણસો અને સેંકડો લક્ષાધિપતિઓ કામ કરતા હતા. એકવાર એક પત્રકારે તેમને પૂછ્યું, 'આપ આટલા બધા માણસો પાસેથી કેવી રીતે કામ લઈ શકો છો ?' આટલા બદા આવડતવાળા માણસોને તમે કેઈ રીતે શોધો છો અને જાળવો છો ?' કાર્નેગીએ જવાબમાં કહ્યું, 'હાથ નીચે કામ કરતા માણસો પાસે કામ લેવું એ ખાણમાંથી અસંખ્ય ટન માટી ખોદી એક ઔંસ સોનું મેળવવા જેવું છે. જેમ વધુ ને વધુ ખોદકામ થાય તેમ તમને કચરો નહીં સોનું દેખાવા માંડશે. તમારે તમારું લક્ષ્ય યાદ રાખવાનું છે - અને તે લક્ષ્ય છે સોનું શોધવું.' કાર્નેગીએ આગળ કહ્યું, 'આ જ નિયમ તમારે માણસો સાતે વાપરવાનો છે. સથી પહેલાં લોકો અને તેમની આસપાસની પરિસ્થિતિ પૂર્ણ રીતે જાણી લો, પછી તેમાં ખોટું શું છે તે જુઓ. તમને જે જોઈતું નથી એવું ઘણું બધું તમને જોવા-જાણવા મળશે. પણ તમારે તમારીજાતને એ જ કહેવાનું છે કે તમે ઉપરનો બધો કચરો, ધૂળ, માટી જોવા માંગતા નથી. પણ આગળને ખરા જોવાની આદત પડી ગઈ હોય છે. જેમ એક ઔંસ સોનું મેળવવા સોંકડો ટન કચરો ખસેડવો જ પડે. આજ નિયમ છે. દરેકમાં સોનું શોધો. જે સારું છે એ શોધો. જાણો અને એનો ઉપયોગ કરી આગળ વધો. પત્રકારને કાર્નેગીની વાત ગળે ઊતરી ગઈ.'

# રાજકારણ કારકિર્દી બને તે ઈચ્છનીય, ધંધો નહિ

તંત્રીસ્થાનેથી...

ટિકિટોની વહેંચણી વખતે કેટલાક ઉમેદવારો છેલ્લી ચાર પાંચ ટર્મથી સતત ચૂંટાયા હોવાના અહેવાલો જાણવા મળે છે. કોઈ એકાદ-બે વાર હારી ગયા પછી વળી પાછા લાઈટમાં આવી જાય છે અને તૂટેલી કારકિર્દી આગળ ધપે છે. કોઈ તદ્દન નવાસવા હોય છે, જેમને ટિકિટ નામની લોટરી લાગી ગઈ એની પાછળ જૂના જોગીઓના ખરડાયેલા રેકોર્ડ કારણભૂત હોય છે. રાજકારણ એ સાવ છેલ્લા પાટલાના, કયાંય ના ચાલ્યા હોય એવા બદમાશોનો ધંધો છે - એવી પેલી જાણીતી કહેવતમાં પૂર્ણ સત્ય નથી પરંતુ સત્યના અંશ વગરનું વિધાન પણ એ નથી. મોટા ભાગના નેતાઓ રાજકારણને હવે તો રીતસરનો વેપારધંધો માનીને વર્તે છે. પરંતુ કયારેક બહુ સારા લોકો પણ આ ક્ષેત્રમાં આવી જતા હોય છે. 'બહુરત્ના વસુંધરા' જેવો રૂઢિપ્રયોગ અમથો તો ચાલુ નહીં જ થયો હોય. ટૂંકમાં રાજકારણમાં સારા માણસો પણ હોય છે. કદાચ એ ખરેખર સારા ન હોય તો પણ લોકોને તો સારા લાગતા હોય છે એટલે જ વારંવાર ચૂંટાતા હોય છે. હવે જયારે જ્ઞાતિ સમાજોની વસતિ ધ્યાને લઈને જ ઉમેદવારો નક્કી થતા હોય છે ત્યારે જે - તે જ્ઞાતિ પૂરતા સર્વમાન્ય ઉમેદવાર પર કળશ ઢોળાતો હોય છે. બીજા લોકો એને કદાચ ઓછો ચાહતા હોય પણ એ મતવિસ્તારના એની બહુસંખ્યક જ્ઞાતિ તો એને જિતાડીને જ જંપશે. રાજકીય પક્ષોના હોદ્દેદારોમાં પણ છેલ્લાં ઘણાં વર્ષોથી જ્ઞાતિસમાજનો મુદ્દો જ લક્ષમાં લેવાવા માંડ્યો છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વિવિધ જ્ઞાતિઓ પથરાયેલી છે, જેમાં પેટાજ્ઞાતિઓ પણ સ્થાનિક કક્ષાએ અગત્યની બની રહે છે. આથી પાર્ટીના હોદ્દાઓથી લઈ તાલુકા પંચાયત - જિલ્લા પંચાયત - વિધાનસભા અને લોકસભા સુધીના ઉમેદવારોમાં અને શહેરી વિસ્તારોની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓમાં એમની વસતિને લક્ષમાં લઈ ઉમેદવારો પર પસંદગી ઉતારાય છે. અનામત બેઠકોની વ્યવસ્થામાં પણ અનુસૂચિત જાત અને જનજાતિ કે ઓબીસીની પેટા જ્ઞાતિઓને લક્ષમાં લેવાય છે. આથી આઝાદી પછીની ચૂંટણીમાં જયારે રાજા-મહારાજાઓ કે ઉદ્યોગપતિઓને ઉમેદવાર બનાવાતા હતા અથવા ગુલઝારીલાલ નંદા જેવા મજૂર મહાજનના નેતાને છેક સાબરકાંઠા જઈ ચૂંટણી લડવાનું ઈજન અપાતું હતું એને બદલે હવે સ્થાનિક કક્ષાએ વજન અને વજૂદ ધરાવતા આગેવાનોને જ પસંદ કરવા પડે છે. દાખલા તરીકે બનાસકાંઠામાં કયારેક મૂળ પ્રાંતિજના વતની અને લોકશિક્ષણવિદ્ અકબર ચાવડા અથવા મુંબઈથી આવીને એસ. કે. પાટીલ સંસદસભ્ય બની શકતા હતા ત્યાં હવે સ્થાનિક વસતિના પ્રતિનિધિ એવા આંજણા ચૌધરીને જ ટિકિટ આપવી પડે છે. વારંવાર ચૂંટાઈ આવતા ઉમેદવારને અનિવાર્ય સંજોગોમાં બદલવાની નોબત આવે ત્યારે પણ એ જ જ્ઞાતિ સમાજના અન્ય જાણીતા અને ઓછા વિવાદાસ્પદ નેતાને ઉમેદવાર બનાવવાની ફરજ પડે છે. આ 'મોડસ ઓપરેન્ડી' માત્ર ગુજરાતમાં - સૌરાષ્ટ્રમાં જ નહીં બદલે ભારતભરમાં તમામ રાજકીય પાર્ટીઓએ સમાન રીતે અપનાવેલ છે. હાઈકમાન્ડ પૂરતા જ રાહુલ ગાંધી કે નરેન્દ્ર મોદી ચાલે. સ્થાનિક કક્ષાએ તો જે તે સમુદાય જ હાવી થતો રહે છે. રાજકારણ સ્થાનિક નેતાઓ માટે પણ કારકિર્દી બની રહે છે.

આવા કાર્યકરો માટે રાજકીય કારકિર્દી એ જીવનની સર્વોચ્ચ સિદ્ધિ બની રહે છે. એથી એમની ટિકિત કપાય છે ત્યારે એ ઊહાપોહ કરી મૂકે છે અને બીજી પાર્ટીમાં દોડી જઈને કારકિર્દી ચાલુ રાખવા પ્રયાસ કરતા હોય છે. આવી સ્થિતિ સરજાય ત્યારે કારકિર્દી ધંધો બની ગઈ ગણાય.

જો કે એ કારકિર્દી બને ત્યાં સુધી વાંધો ન હોવો જોઈએ, પરંતુ હવે તો એ અઢળખ કમાણીનો ધંધો બની રહ્યું છે તે લોકશાહીની બહુ જ મોટી મર્યાદા છે.

## કહી પર પહુંચને કે લિયે, કહી સે નિકલના બહુત ઝરૂરી હોતા હૈ



ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

**કહી પર પહુંચને કે લિયે, કહી સે નિકલના બહુત ઝરૂરી હોતા હૈ**

**- યે જવાની હૈ દીવાની**

અયાન મુખર્જી દિગ્દર્શિત 'યે જવાની હૈ દીવાની' ફિલ્મ ૨૦૧૩માં બોલીવુડની સફળતમ ફિલ્મો માની એક હતી. ફરી એકવાર હુસૈન દલાલના સંવાદો - આ ફિલ્મની લાઈમ લાઈટ બની ગયા હતા. 'ગીલ્ટ સિને એવોર્ડસ'માં આ ફિલ્મના સંવાદ લેખક હુસૈન દલાલને 'શ્રેષ્ઠ સંવાદ લેખક' નો પુરસ્કાર મળ્યો હતો. રણબીર કપૂર અને દિપીકા પાદુકોણે અભિનીત આ રોમેન્ટિક ફિલ્મે વિદેશમાં પણ તગડો વ્યાપાર કર્યો હતો. પ્રસ્તુત સંવાદ રણબીર કપુર - પૂર્ણા જગન્નાથને કહે છે... જીવનમાં આગળ વધવા માટે યાત્રા શરૂ કરવી અત્યંત આવશયક છે.

પંચતંત્રમાં ઉપરોક્ત અર્થસામ્ય વાળું એક સુંદર સુભાષિત મળી આવે છે.

**ગચ્છન પિપીલકો યાતિ યોજનાનાં શતાન્યપિ ।**
**અગચ્છન વૈનતેયઃ અપિ પદમેકં ન ગચ્છતિ ॥**

ચાલતી રહેતી કીડી ૧૦૦ યોજન (માઈલ) સુધી ચાલી જાય છે, પરંતુ એક જ સ્થળે અટકી ગયેલ ગરુડ શક્તિશાળી પક્ષી હોવા છતાં એક ડગલું પણ આગળ વધી શકતો નથી.

ગમે તેટલી શક્તિ હોવા છતાં, સુવર્ણમય તક મળતી હોવા છતાં, પણ જો સફળતા મેળવવા માટે એક ડગલું પણ આગળ ન વધીએ તો મંઝિલ આપણાંથી એક હાથવેંત છેટી જ રહી જાય છે.

'આગળ વધવું' એ જીવનમાં સફળતા મેળવવા માટે અત્યાવશ્યક છે. વ્હોટ્સએપ પર મેળવેલું જ્ઞાન મેળવીને જો આપણે જીવનયાત્રામાં આગળ વધીએ નહીં, તો સફળતા તો દુર ભૂતકાળમાં મેળવેલી નામના પણ અદૃશ્ય થઈ જાય છે. ચાલતા રહેવું, ચરૈવેતિ ચરૈવેતિ કરનાર મનુષ્ય જ ધીમા પણ મક્કમ પગલે ચાલનાર વ્યક્તિ જ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, જયારે બાદશાહ અને સમ્રાટ હોવા છતાં જો તે આળસુ બાદશાહ કે સરદાર સમ્રાટ આગળ વધવાનું ટાળે છે તો સફળતા નથી જ મળતી.

આશરે ત્રીજી શતાબ્દી પૂર્વે જેનો સમય મનાય છે તેવા 'પંચતંત્ર' જેવો સમૃદ્ધ કથા-સંગ્રહ આપણા ઘરમાં હોવો જ જોઈએ. ગીતા-રામાયણની જરૂર અધ્યાત્મ માટે હોય તો આ ગ્રંથની આવશ્યકતા નૈતિક મૂલ્યો માટે છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## વાર્તાયનનું ૧૪મું પર્વ ઉજવાયું





સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● 'મમતા' - વાર્તામાસિક સંચાલિત અને ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા સંયોજિત કાર્યક્રમ 'વાર્તાયન અંતર્ગત તા. ૨૩-૦૩-૨૦૧૯ના રોજ 'વાર્તાયનનું પર્વ-૧૪' ઊજવાઈ ગયું. જેમાં જાન્યુ. ૧૯૦૭માં - ૧૧૨ વર્ષ પહેલાં પ્રગટ થયેલી અતીતની વાર્તા 'દેશદ્રોહી' (લેખિકા સૌ. પ્રમિલા)નું પઠન ડૉ.લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું. જયારે વાર્તા 'જગુભાઈનો પડછાયો' ની પ્રસ્તુતિ જાણીતા મૂર્ધન્ય સાહિત્કાર - કવિ હરિકૃષ્ણ પાઠક દ્વારા રજૂ કરવામાં આવી. રજની મોરવાલ દ્વારા વાર્તાનું પઠન કરવામાં આવ્યું. જયારે વાર્તા સ્વરુપ અને રજૂ થયેલ વાર્તાઓની સમીક્ષા મૂર્ધન્ય સાહિત્યકાર અને જાણીતા નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યા. આ સાહિત્યિક કાર્યક્રમનું સંયોજન જાણીતા કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

- muljibhaidadhi@gmail.com
Mo. 9824236893

# સમર્થ સર્જક સરોદની સ્મૃતિ વંદના



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ઈતિહાસે ગાંધી તથા લીંકનને કાયદાના જાણકાર હોવા છતાં સાથે માનવીના મનની વેદનાને સમજનાર સંવેદનશીલ ધારાશાસ્ત્રીઓ ગણાવ્યા છે. કાયદાની સુષ્કતામાં માનવતાનું ઝરણું ક્યારેક ડૂકી જતું જોવા મળે છે. પરંતુ કાનૂની વ્યવસાયની સાથેજ માનવ હૃદયની સંવેદનાને જીવંત રાખનાર અનેક ઉજળા નામોમાં કવિ મનુભાઈ ત્રિવેદી (સરોદ) નો સમાવેશ થાય છે. આ જજ સાહેબના અંતરના ઊંડાણમાં ભાવ અને ભક્તિનું ઝરણું સદાકાળ જીવંત તથા વહેતું રહેલું હતું. એક પ્રસંગ લખાયો છે જે આ વાતના પ્રમાણ સ્વરૂપ છે. એક કેસની સુનાવણી દરમિયાન કોઈ વકીલે મહિલા સાક્ષીને પ્રશ્ન કર્યોજે અજુગતો કહેવાય તેવો હતો. કેસની સુનાવણી કરનાર ન્યાયધિશની આંખમાં ઝળઝળિયા આવી ગયા. કોઈની પણ ગરીમા ઝંખવાય તેની પીડા પામે તેવા આ જુદી માટીના જજ હતા. તેમણે પ્રશ્ન પૂછનાર વકીલને વારતા કહ્યું : '' ભાઈ ! આ બહેન તમારા પરિવારમાંથી હોય અને તેમને જે પ્રશ્ન પૂછવા તમને ઉચિત લાગે તેવાજ પ્રશ્નો પૂછો'' આપણા સુપ્રસિધ્ધ સર્જક કવિ મનુભાઇ ત્રિવેદીની આ વાત છે. 'સરોદ' ઉપનામથી ભજનો લખતા તેમજ 'ગાફિલ' ઉપનામથી ગઝલો લખતા આ સર્જક તેમની રચનાઓ થકી અમરત્વને પામેલા છે. સરોદના ભજનોમાં વિચારોનું ઊંડાણ મન ભરીને માણવા જેવું છે. કવિ લખે છે :

પરગટ હુઆ સો પરમાણ
અવર છે મિથ્યા
તાણાતાણ.
જોગજુગતથી જાણ મળે
એ તો
કેવળ રજની જાણ
આપ મળ્યે આખું
આયખું ઉજળે
જેમ ધરા ઊગે ભાણ
પરગટ હુઆ સો
પરમાણ.

૧૯૭૨ના એપ્રિલ માસની નવમી તારીખે કાવ્ય પઠન કરતા કરતાજ આ કવિ અનંતમાં વિલીન થયા. અનેક સાહિત્ય પ્રેમીઓના મનમાં ઊંડે ઊંડે પણ આ ધન્યનામ કવિની સ્મૃતિ આજે જીવંત હશે. કવિની પુણ્યતીથિ નિમિત્તે પણ તેમની સ્મૃતિને વંદન કરવાનો આ સમય છે. ગાફિલ સાહેબની ગુજરાતી ભાષાની એક અમર ગઝલ રચના આજે પણ અનેક કાર્યક્રમોમાં ગવાતી અને ઝીલાતી જોવા મળે છે.

જુદી જિંદગી છે મિજાજે
મિજાજે
જુદી બંદગી છે નમાજે
નમાજે
જીવન જેમ જુદા છે કાયા
ય જુદી
છે મુત્યુત જુદા જનાજે
જનાજે.

મરણ તો માનવ માત્રના થાય છે. કુદરતનો એજ નિશ્ચિત ક્રમ છે. પરંતુ સંતો-કવિઓ તથા સર્જકો કદી મૃત્યુ પામતા નથી. અવધિ પૂરી થાય ત્યારે શરીરતો તેનો ધર્મ પાળે અને વિલિન થાય પરંતુ સર્જકે કરેલું સાહિત્ય નિર્માણ ચિરકાળ જીવંત રહે છે. ભર્તુહરી મહારાજે પણ આ વાતનું સમર્થન કરતા કહેલું છે કે કવિઓના સર્જનને જરા-મરણનો ભય નથી. આથી 'સરોદ' ગયા. આપણાં દુર્ભાગ્યે અણચિંતવ્યા અને ઓચિંતા ગયા.પરંતુ તેમની વિશાળ તથા વૈવિધ્યસભર રચનાઓ થકી આપણી વચ્ચે આજે પણ જીવંત રહેલા છે. મહેકતા અને ગહેકતા રહેલા છે. કવિના સમગ્ર સાહિત્યનું ખંડોમાં પ્રકાશન કરીને ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રશંસનીય કાર્ય કરેલું છે. ગ્રંથોના સંકલનનું કામ કાળજીપૂર્વક કરનાર સુબોધભાઈ ત્રિવેદી પણ આપણાં અભિનંદનના હક્કદાર છે. વ્યવસાયે આમ તો કાયદાના માણસ પરંતુ ભજન વાણીના સરોદ ઉદગાતા હતા. જયમલ્લ પરમારે તેમને ''સતજુગિયો સાંઈ'' કહેલા છે. આ સમર્થ સર્જકની કાવ્ય કીર્તિ યુગો સુધી પ્રસરતી રહે તેવી છે.

સરોદના ભજનો તથા ગઝલો તો લોકગીતોની માફક લોકહૈયે વસેલા છે. અનેક કાર્યક્રમોમાં સરોદની રચનાઓ ગવાતી રહે છે અને સતત ઘૂંટાતી રહે છે. સરોદની કેટલીક વાર્તાઓનો સંગ્રહ ''વેરાનમાં ચંદનવન''ની વાર્તાઓ જોતા સરોદના સર્જનની એક જુદી પણ અનોખી વાર્તાશૈલીનું દર્શન થાય છે. (પ્રકાશકઃપ્રકાશન પ્રવીણ) સરોદની વાતનો વિષય તથા તેની માંડણી તેમજ નાની સરખી કથાનો સંદેશ પણ માનવ મનના અનેક ભાવ સ્વરૂપોનું ભાતીગળ દર્શન કરાવી જાય છે. ગઝલ તેમજ ભજનો સાથેજ એક વાર્તાકાર તરીકે પણ તેઓની કલમ ઝળહળી ઊઠી છે. આવો સુયોગ ભાગ્યેજ જોવા મળે છે.

સાંઈ મકરંદ તથા સ્વામી આનંદે સરોદનું અનેક રીતે મૂલ્યાંકન કરીને તેમને શબ્દપુષ્પોથી વધાવ્યા છે. કવિશ્રીના ભજનસંગ્રહ 'રામરસ' વિશે સ્વામીદાદા કહે છે :

'' આ નાનકડી ભજનમાળાના અનેક મણકા મેં અપાર ભક્તિરસમાં તરબોળ થઈને ફરી ફરી ફેરવ્યા છે તેમજ તેના ગાનાર ભક્ત કવિની 'ધન વચન ધન વાણી' એમ કહીને વારંવાર મનોમન વંદનાઓ કરી છે.''

આપણાં સુપ્રસિધ્ધ સર્જક ઘાયલ સાહેબે કવિ નીતિન વડગામાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું :

'' મકરંદ તથા મનુભાઈ (સરોદ) મારા પરમ મિત્રો. અમે અવારનવાર ગોંડલમાં મળતાં. આ બન્ને મિત્રોએ મને કાવ્ય તથા કાવ્યત્વની સમજ આપી. તેથી મારી ગઝલો પુષ્ટ થઈ છે તેમ હું માનું છુ...''

કવિને જે વિરાસત મળી છે તેનું પણ એક અનોખું ગૌરવ કવિને મન છે. સરોદનું વ્યોમ આવા અનેક ધન્યનામ સર્જકોથી હર્યુંભર્યુ તેમજ લીલુછમ્મ છે. આથી કવિ તે ઉજ્વળ તેમજ વિશાળ વ્યોમનું વર્ણન કરતાં લખે છે :

ઓહો મારું વ્યોમ !
સૂર, તુલસી, કબીર,
ધનો, દાદૂને રઈદાસ,
નરસી મીરાંદયા, અખો
અજવાળે આકાશ
કોઈક ચમકે સૂરજ જેવા
કોઈક જાણે સોમ !
ઓહો મારું વ્યોમ !
અનેક ઉજળા સર્જકોના

આ સમર્થ વારસદાર કવિ જજ તરીકેની સરકારી કામગીરી સાથે કાવ્યપુષ્પોની સદાકાળ સમૃધ્ધ એવી સૌરભ પાથરીને ગયા. કવિને 'આઘેરા પરિયાણ' આદરવાની એક મનોમન ઝંખના હોય તેમ લાગે છે તેનો નિર્દેશ પણ તેમના થોડા શબ્દોમાં જોવા મળે છે. આ 'પરિયાણ' વહેલા હતા તેવો અનેકનો વસવસો વાજબી છે.

આદર્યા આઘેના
પરિયાણ
જાણું છું વનરા છે એની
એ વાટમાં
માલિક છે એનો એજ.
લેટી પડું હું અહીં થાકીને
તોય
મને કહેશે ન વેણ એ
સહેજ
જાવું છે દૂર દૂર
જોજનના જોજન
ના પોસાશે પળનું રોકાણ
આદર્યા આઘેના
પરિયાણ.

સરોદ આપણાં સાંપ્રતકાળના કવિઓમાં ઝળહળતા સીતારા સમાન છે.

# દાંડીકૂચમાં પ્રથમ પકડાવાનું માન સરદારને

### સરદાર સાહેબ કૂચને સફળ બનાવવા લોકજાગૃતિ અર્થે કૂચના પ્રદેશમાં ફરતા હતા





ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

દાંડીકૂચ એ સત્ય અને અહિંસાની આરપારની લડાઈ હતી. ખુદ ગાંધીજીએ આ પણ આ કૂચ સાથે અંગ્રેજો સામે આઝાદીના આખરી ફેંસલાનું પગલું સ્વીકારીને લડતનો ઓપ આપતા હતા. ગાંધીજીના મનને પારખી જનારા સરદાર સહિત આખા દેશ એમ માનતો હતો કે અંગ્રેજ સરકાર ગાંધીને દાંડીકૂચ લઈ જવા નહીં દે. ગમે ત્યારે ગાંધીની ધરપકડ કરીને કૂચને નિષ્ફળ બનાવશે. પણ બીજા નેતાઓની જેમ સરદાર ભાવિના સંકેતોને ઝીલીને બેસી રહેનારા ન હતા. તેમણે જો ગાંધીની ધરપકડ થાય તો શું કરવું ? એનું આયોજન મનોમન વિચારી લીધું હતું અને એની સામે જવાબ આપવાના પ્રયાસોમાં લાગી ગયા હતા. સરદારે જો ગાંધીજીની ધરપકડ થાય તો સત્યાગ્રહની પાવક જવાળા દેશભરમાં સ્વયંભૂ પ્રગટે અને બદી જેલો સત્યાગ્રહીઓથી ઊભરાઈ જાય અને સરકારને ન્યાયી માગણી સ્વીકાર્યા વગર કોઈ છૂટકો જ ન રહે એવી સ્થિતિ સર્જી દેવાની વ્યૂહરચના ઘડી કાઢી હતી. જો કે આ માટે પ્રબળ લોકસમર્થન ઊભું કરવું પડે એ ધ્યાનમાં લઈને સરદાર સાહેબે ૧૨મી માર્ચે દાંડીયાત્રા શરૂ થાય એ પહેલાં જે વિસ્તારોમાંથી દાંડી કૂચ પસાર થવી હતી તે વિસ્તારોમાં કૂચ પહેલા ફરીને લોક જાગૃતિ ઝુંબેશ શરૂ કરવાનો કાર્યક્રમ ગઢી કાઢ્યો હતો. મહી ચરોતરના વિસ્તારોના પાટણ-વાડીયા ક્ષત્રિયોને સત્યાગ્રહની લડતમાં શાંતિપૂર્વક જોડાઈને પૂરો સાથ આપવા માટે સરદારે મહિસાગરના કાંઠે આવેલા કંકાપુરા ગામે તા.૭ માર્ચે જાહેસભા યોજી હતી.

કંકાપુરામાં જાહેરસભા સંબોધન પહેલા રસ્તામાં આવતા રાસ ગામ ખાતે બપોરે જમવાનું નિર્ધારિત હતું. રાસ ગામ આઝાદીના આંદોલનમાં ઉમળકાભેર જોડાતું ગામ હતું. આ સત્યાગ્રહી ગામમાં જયારે સરદાર તેમના સાથીઓ સાથે પહોંચ્યા ત્યારે ગામ લોકોએ સરદાર સાહેબને ઘેરી લીધા અને પૂછ્યું કે એવો કયો ગુનો છે અમારા ગામનો કે સરદાર સાહેબે ગામમાં પધારે છતાં અમને અમારા ધર્મ વિષે બે શબ્દ પણ ન કહે ?

આ સવાલ પછી સરદારે રાસમાં જમવાની સાથે ગામલોકો સાથે સંવાદ પણ રચ્યો. સરદારે મીઠાના સત્યાગ્રહ માટે ગામ લોકોએ શું તૈયારી કરી ? એવું પૂછતાં ગામના અગ્રણી આશાભાઈ લલ્લુભાઈએ રાસ ગામ લડતમાં યા હોમ કરીને ઝુકાવશે અને ગામના ૨૦૦ સત્યાગ્રહીઓ જેલમાં પણ જવા તૈયાર છે એવી ખાતરી ઉચ્ચારીહતી. પણ આ તો સરદાર, ગાંધીના સાથી એમ કઈ છોડે ? તેમને તરત જ બીજો સવાલ કર્યો કે ભાઈઓ તો તૈયાર છે ? પણ બહેનો ? એના જવાબમાં બહેનોએ પણ જેલમાં જવા માટે તૈયાર છે એમ જવાબ આપ્યો. સરદાર સાહેબે રાસ ગામમાં આ તો માત્ર કૂચની લડત માટેની વાત જ માંડી હતી. હજુ એમને ગામ લોકોની માગણી મુજબ ગામ લોલોકોને ધર્મ સમજાવવાનો બાકી હતો. સરદારે હજુ ગામ લોકોને જાહેર સંબોધન કર્યું જ ન હતું. એ જયારે જાહેરસભાને સંબોધન કરવા માટે જઈ રહ્યા હતા ત્યાં જ મારતી મોટરે અંગ્રેજ સરકારના મેજિસ્ટ્રેટ રાસ ગામ ધસી આવ્યા હતા. તેમને તો કંકાપુરાની સભાની જાણ હતી. ખુદ સરદારના કાર્યક્રમમાં પણ રાસમાં સભાનું આયોજન ન હતું. જેના સરદાર સાહેબ સભાને સંબોધન કરવા ઊભા થયા તેવા તરત જ મેજિસ્ટ્રેટે તેમને ભાષણ નહીં કરવાની નોટીસ આપી. સરદારે પોતે આ હુકમનો અનાદર કરશે એમ કહ્યું, આથી મેજિસ્ટ્રેટે સરદાર પટેલની ધરપકડનો હુકમ કર્યો. પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટે સરદારની ધરપકડ કરી. સરદાર સાહેબે હસ્તા મોઢે ધરપકડ સ્વીકારી લીધી. અને એ સાથે જ રાસ ગામેથી દાંડીકૂચના પાંચ દિવસ પહેલા હસ્તા મોઢે ધરપકડ સ્વીકારી લે છે અને ઘટના ઐતિહાસિક ઘટના તરીકે ભારતના આઝાદીના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાઈ ગઈ. સરદાર દાંડીકૂચમાં તો ધરપકડના કારણે ન જોડાઈ શક્યા પરંતુ સરદારની ધરપકડે દાંડીકૂચની અપ્રતિમ સફળતા સાથે તો જોડી દીધી. બક્ષીસ લક્ષણા સરદાર પટેલના ધરપકડ બલિદાન સાથે દાંડીકૂચ અદમ્ય ઉત્સાહ સાથે સમગ્ર ભારતના પ્રજાજનોમાં છવાઈ ગઈ હતી.